## આવતીકાલનો ઉજાસ



**હિરલ નરેશચંદ્ર ધારકર ધો-૯, બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય**

હિરલ અભ્યાસની સાથે ઈતર પ્રવૃત્તિઓમાં વિશેષ ઋચિ ધરાવે છે. સરળ સ્વભાવ ધરાવતી આ વિદ્યાર્થીની દરેક સર્જનાત્મક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. થ્રો બૉલ સ્પર્ધામાં નૅશનલ લેવલે મધ્યપ્રદેશ ખાતે ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

# કપડવંજ ખાતે પુસ્તક લોકાર્પણ અને સર્જક અભિવાદન સમારોહ યોજાયો



કપડવંજ, તા. ૯

શ્રેષ્ઠ ગ્રંથાલયના બે વખત એવોર્ડ વિજેતા પુ.હ. મહાજન લાયબ્રેરી કપડવંજના ઉપક્રમે 'સંસ્કૃતિની સુગંધ' નામના સાહિત્યકારોના અભિવાદન સમારોહ તથા પુસ્તકોના લોકાર્પણ કાર્યક્રમનું ભવ્ય અને પ્રભાવી રીતે આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. પુષ્પાબેન ભટ્ટની કૃતિ 'અચલા નિવોદિતા' અને ડૉ. જશુભાઈ પટેલ (ગાંધીનગર)ની બે કૃતિઓ 'વેદના' અને 'પવિત્રપ્રેમ'નું વિમોચન કરવામાં આવ્યું હતું અને તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ વિનોદભાઈ એમ. શાહ (ગાડી)એ પૂજ્ય ગાંધીજીના અંતેવાસી સ્વ. હરિભાઈ દેસાઈ અને સ્વ. કુસુમબેન દેસાઈ વ્યાખ્યાનમાળા તથા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સ્વ. રાજેન્દ્ર શાહ કવિ દ્વારા સિંચિત મહાજન લાયબ્રેરીની ગૌરવગાથા રજૂ કરીને સ્વાગત પ્રવચન કર્યું હતું જ્યારે મંત્રીઓ, ઉદયભાઈ ત્રિવેદી અને નવિનભાઈ પટેલે મહેમાનોના અભિવાદનમાં સહયોગ આપ્યો હતો. તેમજ ડૉ. નીતાબેન શાહ અને ડૉ. હિતેન્દ્રભાઈ જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું. કપડવંજના જાણીતા ફીઝીશ્યન, ડૉ. કમલેશભાઈ શાહે મધુરકંઠે પ્રાર્થના રજૂ કરી હતી જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કીર્તનભાઈ પરીખે અને મુકેશભાઈ વૈદ્યે કર્યું હતું.

લાયબ્રેરીના ગ્રંથપાલ, નાનુભાઈ પ્રજાપતિનું આ તબક્કે અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મા સરસ્વતીની પૂજન-અર્ચનનો કાર્યક્રમ હૃદયસ્પર્શી રહ્યો હતો, કે જેને વિશાળ જનમેદનીએ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમની સમાજમાં સંસ્કૃતિથી સુગંધ અને સાહિત્યની સૌરભ વાતાવરણ મધમધી ઉઠ્યું હતું.

ટીવી અને કમ્પ્યુટર યુગમાં પુસ્તકોનું મહત્વ ઘટતું ગયું છે, ત્યારે કપડવંજની મહાજન લાયબ્રેરીમાં ભરચક સાહિત્ય મેળામાં પદ્મશ્રી અને સાક્ષર ડૉ. પ્રવીણભાઈ દરજી અને જાણીતા કટાર લેખક અને સાહિત્યકાર કેશુભાઈ દેસાઈએ પુસ્તક દ્વારા સંસ્કૃતિ જીવંજ રહેવાની વાતને ઉજાગર કરી હતી. સમગ્ર સાહિત્ય મેળાનું આયોજન ખૂબ જ સુંદર અને પ્રભાવી રહ્યું હતું.

# કલરવ દ્વારા ટાઉનહૉલ ખાતે રવિવારે સવારે બાળકોનો શો

ગાંધીનગર, તા. ૯

બાળકોના સારા વિકાસ માટે કાર્યરત નગરની જાણીતી સંસ્થા કલરવ દ્વારા આગામી રવિવારે સવારે ગાંધીનગર ખાતે ૧૫૦ જેટલાં બાળકોના એક વિશિષ્ટ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

હાલ કલરવ દ્વારા સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે બાલોત્સવ-૨૦૧૨ નામક તાલીમ શિબિર ચાલી રહ્યો છે, જેમાં ભાગ લઈ રહેલાં બાળકો શિબિરના પૂર્ણાહુતિ ટાણે આ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે.

આ પ્રસંગે નગરની જાણીતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સદાના પ્રોત્સાહક એવા કૃષ્ણકાન્ત જહા, ભાગ્યેશ જહા, દિનેશ બી પટેલ તથા રાહુલ મહેતા બાળકોને પ્રોત્સાહન આપવા માટે ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમની વિગતો અંગે જણાવતાં સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈન જણાવે છે કે, નગરના સફળ કલા નિષ્ણાતો દ્વારા બાળકોને વિવિધ રંગમંચલક્ષી કલાઓની સઘન તાલીમ અપાયા બાદ આ શોનું આયોજન કરવામાં આવ્યું છે. નિષ્ણાતોએ બાળકો પાસે જ વિવિધ કૃતિઓ તૈયાર કરાવી છે, જેનું મંચન રવિવારે થઈ રહ્યું છે. ખુશ્બુ દેસાઈ દ્વારા ભરતનાટ્યમ્, જીગર ત્રિવેદી દ્વારા રાજસ્થાની ઘુમ્મર નૃત્ય, કુંતલ નિમાવત દ્વારા સ્કીટ, ગાર્ગી પસારી અને મીતિ ભટ્ટ દ્વારા કથ્થક નૃત્ય, નીતિન દવે દ્વારા મિશ્ર રાસ અને કોળી નૃત્ય, જીગર ત્રિવેદી દ્વારા લાવણી નૃત્ય, પીટર વેસ્લી દ્વારા રાજસ્થાની નૃત્ય અને પ્રકાશ લાલા દ્વારા નાટક જેવી કૃતિઓ બાળકો પાસે તૈયાર કરાવવામાં આવી છે, જેમની પ્રસ્તુતિ બાળકો દ્વારા જ ટાઉનહૉલ ખાતે કરવામાં આવશે.

રસ ધરાવતા સૌ કલારસિક નગરજનોને આ કાર્યક્રમમાં પધારવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# ગાંધીનગર ખાતે ૧૧મીએ રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૨ સિનિયર પ્લેયર માટે તા. ૧૧મી મે થી શરૂ થઈ રહેલ છે. સવારે ૭.૩૦ કલાકે જીમખાના સેકટર-૨૧, ગાંધીનગરમાં યોજાશે. પ્રથમ મેચ ગાંધીનગર અને સુરત વચ્ચે યોજાશે. તા. ૧૧, ૧૨, ૧૩ મેના રોજ. બીજી મેચ ગાંધીનગર અને ખેડા ૧૫, ૧૬, ૧૭ યોજાશે. ગાંધીનગર અને સુરતની ટીમોમાં આઠ-આઠ ખેલાડીઓ ભાગ લેશે.

ગાંધીનગરની ટીમમાં પ્રથમેશ પરમાર (કેપ્ટન), ઈશ્વર ચૌધરી(વાઈસ કેપ્ટન), રાજેશ તબિયાર, વેણુ શ્રીનિવાસ, મોહનીશ પરમાર, રાહુલ પટેલ, રાહુલ પરમાર, રોહિત દહીયા, નુપુ જર્નાદિન, સલીમ યાદવ, પાર્થ પરીખ, આકાશસિંઘ, કૃણાલ પટેલ, કુલદીપ ગઢવી(વી.કી.), જય પટેલ, કમલેશ ઠાકોર, મેનેજરશ્રી યોગેન્દ્ર વાઘેલા, કોચ એસ.એ. મિશ્રા

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશન અને સચિવાલય જીમખાના હોદ્દેદારો ગાંધીનગરની જનતાને ખૂબ જ મહત્વની રસપ્રદ મેચ નિહાળવા જણાવેલ છે.

# કૉલેજના અધ્યાપકોને યુજીસીનાં ધારાધોરણો અનુસાર લાભ આપવા માગ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળની એક બેઠક તાજેતરમાં શ્રી સહજાનંદ કોલેજ, અમદાવાદ ખાતે મળેલ હતી.

આ મિટીંગમાં નવી ટર્મ માટે ગુજરાત રાજ્ય અધ્યાપક મંડળના પ્રમુખ તરીકે પ્રા. ડૉ. એમ. એમ. રાવલ તથા મહામંત્રી તરીકે પ્રા. ડૉ. જે.એસ. પ્રજાપતિની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ અધ્યાપકોના પેન્ડીંગ પ્રશ્નો અંગે વિવિધ ઘટકના આગેવાનોએ પોતાના મંતવ્યો રજૂ કરેલ હતા.

કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં અધ્યાપકોના મહત્વના પ્રશ્નો અંગે કોઈ નિરાકરણ લાવવાના બદલે ઘણાં લાંબા સમયથી આ પ્રશ્નો વણઉકેલ રહ્યાં છે.

અધ્યાપકોને તા. ૧-૧-૨૦૦૬ થી નવા પગારધોરણના અમલ છતાં આજદિવસ સુધી નવા પગારનું તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીનું એરીયર્સ અંગે કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રીએ કોઈપણ જાતની ચુકવણી કરેલ નથી. તમામ કર્મચારીઓને નવા પગારનાં એરીયર્સની મોટાભાગની રકમ મળી જવા છતાં, રાજ્યના અધ્યાપકોને એરીયર્સ પેટે કશુ જ ચુકવાયું નથી.

ખંડ સમયના અધ્યાપકો છેલ્લા ૨૦ વર્ષથી નજીવા પગારથી કામ કરે છે. તેમની યુજીસી મુજબ પુરતી લાયકાત હોવા છતાં કોલેજમાં ખાલી પડેલ જગ્યા ઉપર પૂર્ણ સમયના અધ્યાપકો તરીકે સમાવતા નથી.

કોલેજમાં સરકારશ્રીના નિયમ મુજબ અધ્યાપક સહાયકો નિમી ન શકાય, છતાં માત્ર રૂ. ૭૫૦૦ જેવા મશ્કરી સમાન બાંધેલ પગારથી તેમની પાસે પુરૂ કામ લઈ ભયંકર શોષણ કરવામાં આવે છે. ઉપરાંત છેલ્લા બે વર્ષથી અન્ય કેડરના સહાયકોના બાંધ્યા પગારમાં વધારો થવાં છતાં, અધ્યાપક સહાયકોને આ વધારાનો લાભ આજ દિવસ સુધી મળેલ નથી.

સરકારી કોલેજમાં ૧૫-૨૦ વર્ષોથી કામ કરતાં લીયન/એડહોક અધ્યાપકોને બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રારંભિક સ્કેલમાં ન્યુનત્તમ પગારથી સમાવેશ કરાયેલ છે. તેમની આગળની નોકરી, પગાર રજા, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો તમામ બાબતે ભયંકર અન્યાય કરેલ છે. એડહોક તરીકેના તેમના પગાર કરતાં હાલ નવી જગ્યાએ તેમને પાસે ૨૫ ટકા થી ૩૦ ટકા જેટલો જ પગાર ચુકવાય છે.

યુ.જી.સી. દ્વારા ૧૯૯૬ થી મંજૂર કરાયેલ ઈએલ પ્રાપ્ત રજા અધ્યાપકોને (વાર્ષિક ૧૨ ઈ.એલ. પ્રાપ્ત રજા) અધ્યાપકોના ખાતે હજુ સુધી જમા કરાયેલ નથી. યુ.જી.સી. દ્વારા ૨૦૦૬ થી પણ આ રજાનો લાભ અધ્યાપકોને મળવાપાત્ર છે જ, પણ સરકારી તેમજ કોઈ અકળ કારણોસર વાર્ષિક ૧૨ પ્રાપ્ત રજા જમા કરતું નથી.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૮ એ | ૧ | પટેલ દક્ષેશ મહેશકુમાર | ૮૬.૮ |
| | ૨ | પટેલ અર્પિતા હર્ષદભાઈ | ૮૬.૪ |
| | ૩ | ડાભી ચેતન ભરતભાઈ | ૮૫ |
| ૮ બી | ૧ | પ્રસાદ કશ્યપ દિનાનાથ | ૭૩.૫ |
| | ૨ | પટેલ યશ મહેન્દ્રકુમાર | ૭૧.૭ |
| | ૩ | ઝાલા યશપાલસિંહ નવલસિંહ | ૬૬.૩ |
| ૮ સી | ૧ | મહેતા કંદર્પ દિલીપકુમાર | ૮૯.૬ |
| | ૨ | પટેલમીત શૈલેષકુમાર | ૮૪.૬ |
| | ૩ | પટેલ કેવ વિનોદકુમાર | ૮૩.૫ |
| ૮ ડી | ૧ | પટેલ પ્રિયાંક સોમાભાઈ | ૭૯ |
| | ૨ | પટેલ રાજ દેવાંગકુમાર | ૭૨.૧ |
| | ૩ | પટેલ દીપકકુમાર ભદ્રેશભાઈ | ૭૧.૬ |
| ૮ ઈ | ૧ | સુખડિયા વશિષ્ઠ હરેશકુમાર | ૬૬.૭ |
| | ૨ | દુબે રાહુલ શશીભૂષણ | ૬૪.૫ |
| | ૩ | પટેલ રવિકુમાર દયાલજીભાઈ | ૬૪.૧ |
| ૯ એ | ૧ | સોની યશ દિનેશકુમાર | ૯૮.૮૫ |
| | ૨ | પટેલ અમન મુકેશભાઈ | ૯૭.૭ |
| | ૩ | વસાવા પ્રણવ હિતેશકુમાર | ૯૬.૫૫ |
| ૯ બી | ૧ | પ્રજાપતિ રિદ્ધિ રાકેશભાઈ | ૯૮.૮૮ |
| | ૨ | રોહિત ઉત્કર્ષ જશવંતકુમાર | ૯૭.૭૫ |
| | ૩ | તડવી શિવાની રમનભાઈ | ૯૬.૬૩ |
| ૯ સી | ૧ | રાઠોડ ધ્રુવ દિનેશભાઈ | ૯૮.૮ |
| | ૨ | લબાના પિયુષ શૈલેષભાઈ | ૯૭.૬૧ |
| | ૩ | વાળા નિર્મલ અભેસિંહભાઈ | ૯૬.૪૨ |
| ૯ ડી | ૧ | સોઢા પ્રતિપાલસિંહ એ | ૯૭.૭ |
| | ૨ | વડાલિયા કૃતિબેન એસ | ૯૬.૫૫ |
| | ૩ | વાઘેલા અપૂર્વ એસ | ૯૫.૪ |
| ૯ ઈ | ૧ | પટેલ દિપેશ ઘનશ્યામભાઈ | ૯૮.૮૫ |
| | ૨ | ચૌધરી પિયુષ બેચરભાઈ | ૯૭.૭ |
| | ૩ | પટેલ ઉર્વશી રમણલાલ | ૯૬.૫૫ |
| ૧૧ સી૧ | ૧ | પટેલ દેવર્શી એમ | ૮૪.૮૮ |
| | ૨ | ચૌહાણ પ્રદીપ બી | ૮૨.૮૮ |
| | ૩ | દેસાઈ સંજય ટી | ૭૮.૧૩ |
| ૧૧ સી૨ | ૧ | પંચાલ હાર્દિક એલ | ૭૬.૩૮ |
| | ૨ | કોટડિયા અલ્પેશ એચ | ૭૬ |
| | ૩ | રાઠોડ અક્ષય પી | ૭૫.૬૩ |
| ૧૧ સી૩ | ૧ | વાઘેલા મહાવીરસિંહ જે | ૬૭.૩૮ |
| | ૨ | ગોહેલ નિલેશભાઈ બી | ૬૬.૩૮ |
| | ૩ | સોલંકી કલ્પેશકુમાર એ | ૬૬.૧૩ |
| ૧૧ સી૪ | ૧ | બાવલિયા રસિકભાઈ એમ | ૬૬.૨૫ |
| | ૨ | ઝાલા કૃષ્ણવીરસિંહ આર | ૬૪.૭૫ |
| | ૩ | ચૌધરી ભરત કે | ૬૨ |
| | ૩ | પટેલ ખુશ્બુ બી | ૮૮.૩૦ |
| ૮ ડ | ૧ | ચૌધરી હાર્દિ એસ | ૮૬.૪૦ |
| | ૨ | ચૌધરી ખ્યાતિ પી | ૮૬.૩૦ |
| | ૩ | પટેલ નિરાલી એમ | ૮૨.૮૦ |
| ૮ ઈ | ૧ | પટેલ પેરીન એમ | ૮૪.૮૦ |
| | ૨ | ચૌહાણ પવિત્રા એમ | ૮૩.૫૦ |
| | ૩ | પટેલ કૃપા પી | ૮૨.૯૦ |
| ૯ અ | ૧ | દેસાઈ દિશા આઈ | ૯૨ |
| | ૨ | પટેલ ધારા એમ | ૮૮ |
| | ૨ | પટેલ નિધિ એસ | ૮૮ |
| ૯ બ | ૧ | વાઘેલા શ્રધ્ધા જી | ૮૮ |
| | ૨ | કટારા પ્રિતી આર | ૮૭.૭૧ |
| | ૩ | પ્રજાપતિ જૈમિની સી | ૮૭.૫૭ |
| ૯ ક | ૧ | મહેતા ઝંકૃતિ બી | ૯૨.૨૮ |
| | ૨ | ઝાલા જહાન્વી વાય | ૯૦.૭૧ |
| | ૩ | ચૌધરી ઉર્મીલા આઈ | ૮૮.૪૨ |
| ૯ ડ | ૧ | નાયક રિયા સી | ૯૨.૮૫ |
| | ૨ | મહેરીયા ઉન્નતી વી | ૯૦.૭૧ |
| | ૩ | કુરેશી સાહિસ્તા એમ | ૮૮.૫૭ |
| ૯ ઈ | ૧ | લીબાણી વૈદહી એચ | ૮૭.૨૮ |
| | ૨ | પટેલ કાજલ જી | ૮૪.૧૨ |
| | ૩ | પટેલ મનાલી પી | ૮૩ |
| ૧૧ અ | ૧ | પરમાર વિદ્યા આર | ૭૯.૬૭ |
| | ૨ | રબારી કિરન ટી | ૭૬.૫૬ |
| | ૩ | ભટ્ટ છાયા એમ | ૭૬.૨૨ |
| ૧૧ બ | ૧ | નાયી પ્રિયંકા જી | ૬૭.૭૭ |
| | ૨ | મકવાણા રીનલ જે | ૬૧.૩૩ |
| | ૩ | મકવાણા હિરલ જી | ૫૮.૧૧ |
| ૧૧ બ-૧ | ૧ | પટેલ મનાલી એ | ૭૭.૭૮ |
| | ૨ | આહિર જ્યોત્સના આર | ૭૭.૧૧ |
| | ૩ | વાઘેલા હિના બી | ૭૬ |
| ૧૧ ક | ૧ | પ્રજાપતિ રીસાબી | ૮૬.૭૮ |
| | ૨ | પ્રજાપતિ પ્રગતિ એસ | ૮૩.૬૭ |
| | ૩ | નાયક ક્રિષ્ના બી | ૮૨ |
| ૧૧ ડ | ૧ | રાઠોડ રાજેશ્વરી પી | ૮૭.૧૧ |
| | ૨ | પ્રજાપતિ આરતી ડી | ૮૪.૮૯ |
| | ૩ | કૃપલાની પ્રિયા આર | ૮૪.૮૭ |

## શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૮ અ | ૧ | પટેલ રીતુ એચ | ૮૮.૭૦ |
| | ૨ | પટેલ નિરાલી પી | ૮૬.૧૦ |
| | ૩ | પટેલ પ્રાચી આર | ૮૫.૬૦ |
| ૮ બ | ૧ | આચાર્ય રિદ્ધિ કે | ૮૫.૯૦ |
| | ૨ | રાઠોડ મૉલમ ઍલ | ૮૨.૩૦ |
| | ૩ | પટેલ ધરાંગી કે | ૮૧.૩૦ |
| | ૩ | પટેલ જાનવી દેવેન્દ્રકુમાર | ૮૧.૩૦ |
| ૮ ક | ૧ | ચાવડા ખુશી આર | ૮૯.૭૦ |
| | ૨ | પ્રજાપતિ અપેક્ષા એસ | ૮૮.૪૦ |

## બા શ્રી વસંતકુંવરબા ઍન સોલંકી કન્યા વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૮ એ | ૧ | સેજલ વિનોદસિંહ મકવાણા | ૮૪.૯૦ |
| | ૨ | ઉત્સવ મનુભાઈ અણખિયા | ૮૧.૨૦ |
| | ૩ | રીચા દિવાનભાઈ અસારી | ૮૦.૫૦ |
| ૮ બી | ૧ | શ્વેતા કૌશિકભાઈ બારોટ | ૮૬.૧૦ |
| | ૨ | કેના રમેશભાઈ સતાપરા | ૭૮ |
| | ૩ | ભાવિની અતુલદાન ગઢવી | ૭૬.૫૦ |
| ૯ એ | ૧ | અભિષેક ત્રિભોવનદાસ રાવલ | ૮૦.૭૧ |
| | ૨ | યોગેશકુમાર મફતલાલ સુથાર | ૭૬ |
| | ૩ | વત્સલ અશોકભાઈ જાદવ | ૬૯.૮૫ |
| ૯ બી | ૧ | ગોપી વસંતભાઈ સુથાર | ૮૦.૮૫ |
| | ૨ | જ્યોતિ માનસિંહ સોની | ૭૦.૮૫ |
| | ૩ | તાહેરાબાનુ યાકુબભાઈ ઘાંચી | ૬૭ |
| ૧૧ એ | ૧ | છાપરા રીંકલ પ્રવિણભાઈ | ૮૧.૬૬ |
| | ૨ | પંચાલ પૂજા ગણપતભાઈ | ૭૮.૩૩ |
| | ૩ | પંડ્યા મૈત્રી પ્રવિણભાઈ | ૭૩.૧૧ |
| ૧૧ બી | ૧ | બારોટ પૂજા ચેતનભાઈ | ૭૦.૨૨ |
| | ૨ | પંડ્યા શ્વેતા મુકેશભાઈ | ૬૩ |
| | ૩ | બિહોલા જયશ્રી યશવંતસિંહ | ૬૨.૩૩ |

# અખિલ ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

## ફાઈનલ મેચ અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા સમગ્ર ગુજરાતના પ્રજાપતિ યુવકો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૬૧ ટીમોએ ભાગ લીધો છે. ટુનામેન્ટનો પ્રારંભ તા. ૧૩મી મેના રોજ થશે. આર.સી.સી.ની પીચોવાળા ૭ વિશાળ ગ્રાઉન્ડમાં દરરોજ ૨૩ થી ૩૦ જેટલી ટીમો રમશે. અને સેમીફાઈનલ ચાર ટીમો રમશે. છેલ્લે ફાઈનલ મેચમાં બે ટીમો રમશે. જેમાંથી ફાઈનલ વિજેતા ટીમને યુવક મંડળ તરફથી રૂા. ૧,૧૧,૧૧૫નો ચેક તથા ટ્રોફી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આપવામાં આવશે.

ફાઈનલ મેચ માટે સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગ પુરા અમદાવાદને પસંદ કરવામાં આવ્યું છે. જેમાં ૧ લાખ પ્રજાપતિ ભાઈઓ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે. ફાઈનલ મેચ ૨૫મી મેના રોજ રમાશે. અન્ય તમામ મેચો આર.એ.એફ. કેમ્પની સામે, રીંગ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ ખાતે રમાશે. મેચનું આયોજન યુવાનો દ્વારા કરવામાં આવ્યું છે. યુવક મંડળના પ્રમુખ મુકેશભાઈ પ્રજાપતિ અને સંયોજકશ્રી મોતીભાઈ પ્રજાપતિ મહેનત કરી રહ્યા છે.

# શિવરામભાઈના કાર્યક્રમોની માફક એમને મળેલા એવોર્ડ્સ પણ અગણિત છે

## કેફિયત કલા સાધકની

\- આશા સરવૈયા



વર્ષના ૩૬૫ દિવસમાંથી ૨૬૫ દિવસ કાર્યક્રમો રજૂ કરતા, ૬૫ વર્ષીય, રાજ્ય સરકારના પ્રતિષ્ઠિત ગૌરવ પુરસ્કારથી સન્માનિત લોક ગાયક એટલે આપણા ગાંધીનગર શહેરનું ગૌરવ એવા શ્રી શિવરામભાઈ શ્રીમાળી.

એક જમાનો એવો હતો કે આપણાં લોકગીતો, ભજનો વિ. એક કાનથી બીજા કાન પર પહોંચતા અને પ્રજાના કંઠમાં આપમળે ઉછરતાં. ભાગ્યે જ કોઈ ગુજરાતી એવો મળે કે જેણે લોકગીત ગાયું ન હોય કે ગુનગુનાવ્યું ન હોય. આવા આપણા લોકગીતો/ભજનોને પોતાના હલકભર્યા કંઠથી સજાવતા શિવરામભાઈનું જન્મસ્થળ અને શાળાભ્યાસ ચરાડા, તા. માણસા, જિ. ગાંધીનગરમાં. શિવરામભાઈને સંગીતનો જન્મજાત વારસો મળ્યો. પિતાશ્રી વિરાભાઈ સુરીલા કંઠથી રામસાગર ઉપર ગામડે ગામડે જઈ કથા કરતા. શિવરામભાઈએ શાળામાંથી ગાવાની અને શ્રોતાઓનાં દિલ જીતવાની શરૂઆત કરેલી. ૧૯૭૦માં ગાંધીનગરની સ્થાપના સાથે જ શિવરામભાઈ ગાંધીનગરના નિવાસી બન્યા. એ વખતે સંગીતની બેઠકોનો સીલસીલો ગાંધીનગરમાં પ્રચલિત હતો. જાણીતા લોકગાયક શ્રી પ્રફુલ્લ દવે સાથે શિવરામભાઈએ કે સી નાયક, મુકેશભાઈ ત્રિવેદી, જયરાજસિંહ સરવૈયા, દુર્ગેશભાઈ જોષી વિ.ના ઘરે યોજાતી બેઠકોમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૭૫ પછી ગાંધીનગરમાં સૌ પ્રથમ સૅક્ટર-૨૦ના ચોકઠામાં ગરબાની શરૂઆત થઈ હતી. શિવરામભાઈ અને જાણીતા લોકગાયક ગોવિંદ ગઢવીની બેલડીએ સૅક્ટર-૨૦માં સૌ પ્રથમ ગરબા ગાવાની શરૂઆતના ગણેશ બેસાડ્યા. સૅક્ટર-૨૦ના ગરબા આજે પણ સૌ ગાંધીનગર-વાસીઓ પ્રેમપૂર્વક સંભારે છે.

ગાંધીનગરમાં ધીમે ધીમે કલા પ્રવૃત્તિઓ વિસ્તરવા લાગી એ સાથે સાથે શિવરામભાઈના અનેક ડાયરાઓ ગાંધીનગરમાં યોજાવા લાગ્યા. સૅક્ટર-૨૨ના ખૂબ જાણીતા ગણેશ મહોત્સવમાં, સૅક્ટર-૨૧ના ચાચર ચૉકમાં અને સૅક્ટર-૨૦ તથા સૅક્ટર-૧૭ના શોપીંગ સેન્ટરમાં અનેક ડાયરાઓ યોજાયા. જેમાં ગાંધીનગરાઓ મોજથી તેમને માણતા. સ્વ. શ્રી વિનોદભાઈ જોષી, પી. મનુભાઈ મેડીકલ સ્ટોરના મનુભાઈ, કૃષ્ણકાન્તભાઈ જ્હા વિ.ના પ્રેમાળ અને હૂંફાળા સહકાર વડે શિવરામભાઈએ સંગીત ક્ષેત્રે અનેક સીડીઓ સર કરી. ગાંધીનગર જેસીઝ દ્વારા આયોજિત બેસ્ટ સીંગર ઑફ ધી સિટીનો ૧૯૮૩ અને ૧૯૯૦માં ઍવોર્ડ પણ મેળવ્યો.

ગાંધીનગરની ૩૦ વર્ષ જૂની અને જાણીતી સંસ્થા સુરમધુરની સ્થાપના કાળથી જ શિવરામભાઈ તેની સાથે સંકળાયેલા છે. સુરમધુરના સંખ્યાબંધ સાંસ્કૃતિક કાર્યક્રમો ગુજરાત અને ભારતભરમાં યોજાયા જેમાં સુરમધુરના મુખ્ય ગાયક તરીકે શિવરામભાઈની લોકગાયકી, ભજનો, સંતવાણીની સુરીલી સફર હરણફાળ ભરવા લાગી.

રાસ-ગરબા, લોકનૃત્યોના વૃંદો સાથેના કાર્યક્રમો, ડાયરા, સંતવાણીના કાર્યક્રમો અને ગુજરાત તેમજ ભારત સરકાર દ્વારા આયોજિત ઢગલાબંધ કાર્યક્રમોમાં શિવરામભાઈએ કંઠ આપ્યો છે, જે દરેક કાર્યક્રમનો જો ઉલ્લેખ કરીએ તો પાનાઓ ભરાય આથી તેમણે આપેલ વિશેષ અને નોંધપાત્ર કાર્યક્રમોને અત્રએ યાદ કરીએ. ગુજરાત સરકાર દ્વારા આયોજિત ભક્તિ સંમેલનો-પોરબંદર (૧૯૮૩), ભૂજ (૧૯૯૦), સુરત (૧૯૯૩), દાંડી યાત્રા કાર્યક્રમ-૧૯૮૮, જયુબિલી મહોત્સવ, વેટરનરી કૉલેજ, આણંદ, ગુજરાત દિનની ઉજવણી પ્રસંગે લોક સંગીતના કાર્યક્રમો અકોલા, ગોવા, જયપુર, કોટા, દિલ્હી, રાજકોટ વિ. શહેરોમાં રજૂ કર્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે (૧૪ એપ્રિલ) રાજ્ય સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં યોજાયેલ ડાયરાઓ ગજવ્યા અને નામના મેળવી. ટૂંકમાં કહીએ તો શિવરામભાઈના લોકગીતો, દુહાછંદની રમઝટ અને ભજનોની ધૂણી ધખી ન હોય એવા ગુજરાતના કોઈ પણ શહેરો કે જિલ્લાઓ નહીં હોય, જે ગૌરવપ્રદ બાબત ગણાય. રાજ્ય સરકારના પ્રતિષ્ઠિત કાર્યક્રમો જેવા કે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવો, વસંતોત્સવમાં પણ શિવરામભાઈએ શ્રોતાઓનાં મન મોહી લીધાં હતાં.

શિવરામભાઈ આકાશવાણી અને દૂરદર્શનના માન્ય કલાકાર છે. ૧૯૭૩માં પીજ કેન્દ્ર પરથી તેમનાં ભજનોનો કાર્યક્રમ પ્રથમવાર પ્રસારિત થયો હતો ત્યારથી આજ સુધી આ બંને મિડીયામાં કાર્યક્રમો નિયમિત રીતે પ્રસારિત થાય છે. જો શિવરામભાઈના કાર્યક્રમોની સંખ્યા અગણિત છે તો તેમને મળેલ ઍવોર્ડ્સ અને પારિતોષિકોની સંખ્યા ક્યાં કમ છે? તેમની કેટલીક પ્રમુખ સિદ્ધિઓને આપણે અહીં બિરદાવીએ. લોક કલા સાંસ્કૃતિક ક્ષેત્રના શ્રેષ્ઠ પ્રદાન બદલ તેમને એનાયત થયેલ રાજ્યનો ગૌરવ પુરસ્કાર એ તેમની શ્રેષ્ઠ સિદ્ધિ છે. આ ઉપરાંત અખિલ ભારતીય મુલ્કી સેવાના પારિતોષિકો, ઈન્ડિયન કાઉન્સીલ ઓફ કલ્ચરલ રિલેશન્સ દ્વારા ગુજરાતી લોકગાયક તરીકે પસંદગી, ભારતીય દલિત સાહિત્ય અકાદમીના ડૉ. બાબાસાહેબ આંબેડકર ઍવોર્ડ, મન્નાડે ઍવોર્ડ, સરસ્વતી ઍવોર્ડ તેમજ ગાંધીનગરની સરગમ સ્કૂલ ઑફ મ્યુઝીક ઍન્ડ ડાન્સ, સુરમધુર કલાવૃંદ અને અવસર કલા મંદિર દ્વારા લોકસંગીત ક્ષેત્રે ઍવોર્ડ્સ - આ અને આવા બીજા અનેક પારિતોષિકો અને સન્માનથી શિવરામભાઈની ઝોળી છલકાઈ ગયેલ છે.

અનુ. સાતમા પાને